
<u>નાઝિર દેખૈયા જીવન ચરિત્ર</u>

નામ : નૂરમોહમ્મદ અલારખ દેખૈયા
તખલ્લુસ: 'નાઝિર'
જન્મ : ૧૩ ફેબ્રુઆરી, ૧૯૨૧
મરણ : ૧૬ માર્ચ, ૧૯૮૮
પુસ્તકો: તુષાર
તુષાર -૨
નાઝિરની ગઝલો -૧, ૨,
સુનાં સદન
નાઝિરની ગઝલો




૧૯મી સદી થી ભાવનગરમાં આંબાચોકમાં ઇન્ડિયન અભુબેન્ડ નામની સંગીતની પેઢી હતી જે દેખૈયા પરિવારના સભ્યો સંયુક્ત રીતે ચલાવતા.બહોળા સંયુક્ત કુટુંબનો મુખ્ય અને એકમાત્ર વ્યવસાય બેન્ડપાર્ટીનો અને રજવાડાના દરેક સારા નરસા પ્રસંગે આ પેઢી પહેલાં શરણાઈ નોબત અને પછીથી ક્લેરીયોનેટ,ટ્રમ્પેટ ,ઇફોનીયમ અને ડ્રમ જેવા વિદેશી વાદ્યો વગાડતી. એ જમાનામાં બેન્ડ પાર્ટીનો રૂતબો હતો.જો કે વાદ્યકારોમાંના મોટાભાગના લોહીમાં ભળેલી સંગીતની સૂઝથી શીખતા, બહુ ઓછા સભ્યો ભણેલા અને શાસ્ત્રીય સંગીતની તાલીમ પામેલા હતા.





ઈન્ડિયન અભુ બેન્ડ -ભાવનગર (ફોટો ૬૦ ના દાયકાનો છે.)
J1 =જમાલ અલારખ દેખૈયા (બેબસ દેખૈયા)...નાઝિર દેખૈયાના મોટાભાઈ

N=નૂરમહંમદ અલારખ દેખૈયા (નાઝિર)
R= રઝાક માસ્તર -દેખૈયા
J2=જેતુનબેન – જમાલભાઈના દીકરી

નૂરમોહમ્મદ અલારખભાઈ દેખૈયાનો જન્મ ૧૯૨૧માં ૧૩મી ફેબ્રુઆરીના રોજ ભાવનગરમાં થયેલો.બેન્ડ માસ્તર અલારખભાઈના પ્રથમ લગ્ન હુરબાઈબેન  સાથે થયેલાં હતાં. જેના થકી પ્રથમ પુત્ર જમાલભાઈ ('બેબસ' દેખૈયા) અને બીજા પુત્ર કાદરભાઈનો જન્મ થયેલો. પ્રથમ પત્નીનાં અવસાન બાદ એમણે બીજા લગ્ન ધનબાઈબેન સાથે કરેલાં, જેમના થકી એમને બે પુત્રો થયા. એમાં મોટા પુત્ર રહીમભાઈ અને નાના પુત્ર નૂરમોહમ્મદ હતાં.



અલારખ દેખૈયા




અલારખભાઈના બીજા બે ભાઈઓ હતાં - અભુભાઈ અને હાસમભાઈ. ત્રણે ભાઈઓ  સંયુકત કુટુંબમાં રહેતા હતાં.મા-બાપ વિહોણા નૂરમોહમ્મદ અને રહીમને સરખી રીતે ન સાચવનાર પત્નીને જમાલભાઈએ છુટાછેડા આપ્યા અને સગીર ઓરમાન  ભાઈઓની પરવરીશ  કરવા  ખાતર કાકા- ભત્રીજા જમાલભાઈ અને અભુભાઈએ બંને બહેનો આઈસાબાઈ અને હવાબાઈ સાથે લગ્ન કરી લીધા. આ રીતે નૂરમોહમ્મદ કાકીમા અને ભાભીમાનાં  લાડમાં મોટા થવા લાગ્યા. ભાઈ-ભાભીના લાડલા નૂરમોહમ્મદે લગભગ ચાર ચોપડી ભણી શિક્ષણ છોડીને ક્લેરીયોનેટ પર હાથ અજમાવ્યો અને ભાઈની સાથે જ કામે જોડાઈ ગયાં.

બહુશ્રુત અને શિક્ષિત મોટાભાઈ જમાલભાઈ સંગીત, ચિત્ર અને ગઝલ ખૂબ જ સારી રીતે જાણતા હતાં. પોતે 'બેબસ' દેખૈયાના તખલ્લુસથી લખતા પણ હતાં. એ સમયે અભુબેન્ડની મેડીએ જ્યાં આખો દિવસ સંગીતના સૂર રેલાઈને થાકતા ત્યારે ગઝલની મ્હેફિલો ગુંજી ઉઠતી. આંબાચોકમાં આવેલા અભુબેન્ડની મેડીએ બેબસ દેખૈયા, ચમકાર, ખલીલ(ભાવનગરી), રોશન, રફતાર, કિસ્મત કુરેશી, સાકિન કેશવાણી, આરઝુ નૂરાની, ગિરધરલાલ મુખી, નિશાત, આસિફ, વલીભાઈ લાખાણી, રુસ્વા મઝલૂમી, સાહિલ, બરકત વિરાણી'બેફામ' જેવા શાયરો 'ગઝલસભા'માં ગઝલની ધૂણી ધખાવતા. બેફામ તો એમના પાડોશી.. સામે ખોજાવાડમાં જ રહેતા .ક્યારેક મહિલા કોલેજના લેકચરરો અને તખ્તસિંહ પરમાર જેવા પ્રોફેસરો અને


જયેન્દ્ર દવે અને રાજાબાબુ જેવા મર્મજ્ઞપણ સર્જક- ભાવક બની હાજર રહેતા. (બેબસ દેખૈયાએ એમના કેટલાક મિત્રો સાથે મળીને એક 'સારબાં' નામથી પુસ્તક પણ લખેલું. જે હસ્તલિખિત મેગેઝીન હતું અને એક જ કોપી બનતી અને બધામાં વારાફરતી સર્ક્યુલેટ થતી. એમાં તરહી ,પ્રયોગાત્મક ગઝલો અને વાર્તાઓ પણ ખરી . એક વાર્તા પ અલગ લેખક લખે એવા પ્રયોગ પણ ત્યારે શરુ થયા.) યુવાનીમાં પગલું માંડતા નૂરમોહમ્મદને પણ આ મંડળીનો કેફ ચડ્યો. ગુજરાતી અને ઉર્દૂની ઉત્તમ શાયરીઓ એમના કાને પડતી.

એ પછી શરુ થઈ શબ્દોની છંદબધ્ધ સફર! એમની શાયરીને ગઝલનાં કાનૂનો શીખવ્યા મુરબ્બી શ્રી કિસ્મત કુરેશીએ!નૂરમોહમ્મદથી પ્રભાવિત થઈ ગુરુ કિસ્મત કુરેશીએ એમને 'નાઝિર'નું તખલ્લુસ આપેલું. ત્યારબાદ જીવનભર એ 'નાઝિર'(અર્થ =દર્શક) બની જીવ્યા.બેફામ એમના ગુરુભાઈ.સમય જતાં આ જ ગઝલસભામાં અરવિંદ અંધારિયા ('રાહી'ઓધારિયા) પણ જોડાયા જે ગુરુ શિષ્ય પરંપરા પ્રમાણે નાઝિર સાથે બેન્ડ પાર્ટીમાં પણ સંગત કરતા અને નાઝિર પાસે અરુઝ પણ શીખ્યા. રાહીએ તો ગઝલો ઉપરાંત ગીતમાં અને કમર્શિયલ લીરીસીસ્ટ તરીકે પણ નોંધનીય કાર્ય કર્યું .નાઝિરે એમને સગા દીકરા જેમ ચાહયા. બે પરિવારો વચ્ચે એ સંબધ આજ સુધી કાયમ છે.

આ બાજુ સમયની માંગ સામે અભુબેન્ડની ડિમાન્ડ ઓછી થઈ રહી હતી. બહોળા પરિવારમાં કાકા રઝાકભાઈ એમના પરિવાર સાથે અમદાવાદ સ્થાયી થયા. મોટાભાઈની પણ તબિયત કથળતી જતી હતી. બેન્ડની સઘળી જવાબદારી હવે નાઝિર પર હતી. જમાલભાઈનું અવસાન તથા કાકા અભુભાઈના અવસાનથી કુટુંબની જવાબદારી એકલા નૂરમોહમ્મદના શિરે આવી પડી. એમણે પણ અલગથી રીલીફ બેન્ડ ચાલુ કર્યું.અત્યારનું મીઠુ બેન્ડ એ પણ અભુ બેન્ડની જ શાખા. દરમિયાનમાં યુવાન ભાઈઓ કાદરભાઈ અને રહીમભાઈ પણ અવસાન પામ્યા. નાની ઉંમરે એક પછી એક જોયેલા આ મૃત્યુના પસંગોએ નાઝિરને કદાચ મૃત્યુ નામના સત્યથી એટલા સજાગ કરી દીધેલા કે એમની કલમમાં મૃત્યુની હકીકતની શાહી હંમેશા પૂરાયેલી રહેતી.


યુવાન સંતાનો,ભત્રીજીઓ અને બહોળો પરિવાર એમને નોકરી કરવા મજબૂર કરીગયા.એસમયેમિત્રોની ભલામણે તેઓને મોટીઉમરે સન૧૯૫૬માં જીલ્લા લોકલબોર્ડની નોકરી મળેલી . ૩૦ રૂપિયાની નોકરી! પણ નાઝિરની ગઝલોના ચાહક એવા અધિકારીઓએ એમની ગરિમા જળવાય એ રીતે,ક્યારેય પણ એક પટાવાળા તરીકે રાખ્યા નથી અને નાઝિર પણ એમની ફરજ ગૌરવપૂર્ણ રીતે બજાવતા.જીલ્લા પંચાયતમાં કોઈ ભાવક એમને મળવા પણ આવે તો કહેતા કે નાઝિર હું નથી. (અહીં)મારું નામ તો નૂરમોહમ્મદ છે. ૬૦ વર્ષે રીટાયરમેન્ટ સમયે એમનો પગાર ૩૦૦ રૂ. હતો.

નાઝિરની ગઝલો અવિરત લખાતી ચાલી. જીવનના સારા નરસા અનુભવો ગઝલમાં વણાતાગયા.માનવ-માનવનાં સંબંધોની ગરિમા અને ઔચિત્ય,નમ્ર આત્મગૌરવ,ખુમારી,ઈશ્વર અને શેતાની ફિતરતો દ્રષ્ટિગોચર થવા લાગી. નાની ઉમરનાં જીવન-મૃત્યુનાં પ્રસંગો, પૈસાની સતત રહેતી ખેંચ, સુખદુઃખમાં સાથ આપનારા મિત્રોના પ્રસંગો, ઈશ્વરની આરાધના, આધ્યાત્મનો નાદ, ભવસાગર તરવાની વાતો વગેરે. પોતાને નાનપણથી જ દુનિયાની વરવી હકીકતો હ્રદયસ્થ થયેલી. આ હકીકતોએ એમનામાં ફકીરો જેવી સ્થિતપ્રજ્ઞતા ભરી દીધેલી અને એ ગઝલમાં આવતી.




નાઝિરને  પાંચે વખતની નમાઝ ન ચુકનાર ધર્માસક્ત પત્ની હલીમાબાઈ મળ્યા.પોતે કોઈ વિધિ વિધાનમાં ન માનતા એટલે બહારથી નાસ્તિક જણાતા.પણ એમની આસ્તિકતા જુદા પ્રકારની હતી. જાણે ઈશ્વર સામે એક મિત્રની જેમ કે એક પિતાની જેમ બેઠા વાર્તાલાપ કરતા હોય એવી,કોઈ સૂફી જેવી  ભૂમિકા એમની ગઝલોમાં ટપકતી .એમની ગઝલોમાં ઈશ્વર પાસે યાચે પણ છે અને ઈશ્વરને ઠપકો કે કટાક્ષ પણ આપે છે. ગુસ્સો પણ છે અને વહાલપ પણ છે. એટલું ખરું કે તેઓ ઈશ્વરથી ક્યારેય વિમુખ નથી થયા.અને આ જ ભૂમિકાને લઇને સાહિત્ય જગતમાં એમનું સ્થાન વિશિષ્ટ છે. અદબી મુશાયરા કે કાવ્યસંગોષ્ઠિની મહેફીલો કરતાં એમની ગઝલો મોરારિબાપુની રામકથા કે નારાયણ સ્વામી,પ્રાણલાલ વ્યાસ  કે મનુ પટેલ મસ્તાનાના ડાયરાઓમાં વધુ ગવાય છે. પરંપરાની ગઝલોમાં એમનું સ્થાન ક્યાં મુકવું એ શાસ્ત્રવિદ્દો માટે એક પ્રશ્ન જ હતો.એ વર્ગીકરણની બહાર હતું અને આજે ય છે.

૧૯૬૨માં  માત્ર ૫૪ ગઝલો સાથે એમનું  ગઝલનું પુસ્તક ‘તુષાર’ બહાર પડ્યું.ભાવક શ્રેષ્ઠીઓના સૌજન્યથી માંડ માંડ પ્રકાશિત થયેલ એ પુસ્તક પછી અપ્રાપ્ય બન્યું. જાણીતા કલાકારો દ્વારા લોકકંઠે ચડેલી એમની રચનાઓની માગ વધતાં, લોકો એમના પુસ્તકોની મોં માંગી કિંમત આપવા રાજી થતા.



નાઝિરનો સ્વભાવ ખરબચડો અને વ્યંગ એમના મોઢે.જીવનમાં કપરા કાળમાં પણ નાઝિર રમૂજ શોધી લેતા. મનુ મસ્તાનાએ નાઝિરને પૂછેલું , 'ખાવાનો કાઈ પ્રબંધ છે?' જવાબ મળેલો, ' મારા ઘરે ચટણી–ખિચડી છે જો આપણે ફાવે તો..' એ હરખથી બોલેલા, 'નાઝિર મિટ્ટી ખાયેગા તો હમભી મિટ્ટી ખાયેંગે.' એ ત્યાર પછી જ્યારે પણ ભાવનગર આવતા તો આ ચટણી–ખિચડી માંગ કરતાં. એમની ઝોળીમાં જે કાઇ પૈસા હોય એ નાઝિરને આપવા આગ્રહ રાખતા. પણ નાઝિર એમનું માન રાખવાથી વિશેષ મોહ ન રાખતા.

તુષાર પછી તુષાર-૨ પણ આવી, પછી નાઝિરની ગઝલો ભાગ ૧-૨ પ્રકાશન પામી. એમના મરણોત્તર 'નાઝિરની ગઝલો' છપાઈ અને એ બાદ બીજો મરણોત્તર સંગ્રહ જેમાં એમની અપ્રકાશિત ગઝલો હતી. એ સંગ્રહનું નામ 'સૂનાં સદન' રખાયું.

એમના ચાહકો એમને માનભેર વધાવી લેતા, તો ક્યારેક કોઈ એમનું નામ પણ વટાવી લેતું.જામનગરના શ્રી હરજીવનદાસ કોટેચા બારદાનવાલા એમના જીવનભર પેટ્રન બની રહ્યા. 'નાઝિરની ગઝલો'માં મોરારિબાપુ લખે છે કે 'મેં રામકથામાં પ્રથમ જો કોઈની કવિતા ગાઈ હશે તો એ નાઝિરભાઈની પંક્તિઓ હશે.'




નાઝિર

એમના પરિવારમાં બે પુત્રીઓનાં અવસાન નાનપણમાં જ થઈ ગયેલું. સંતાનોમાં ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ છે. જમાલભાઈની ત્રણ પુત્રીઓ છે, જેમાંથી બે હયાત છે. નાઝિર એક ઉત્તમ વાદક અને ગાયક પણ હતા. ક્લેરીયોનેટમાં એમની દક્ષતા ઘણી. એમનાં વારસોમાં નાઝિરની ખૂબીઓ એક યા બીજી રીતે લોહીમાં જ સિંચાતી આવી છે. મોટા પુત્ર અફઝલહુસેને ખાનદાની ધંધો છોડી શિક્ષણખાતામાં સરકારી નોકરી કરી અને પોતાના સંતાનોના ભણતરમાં જીવ લગાવી દીધો. બીજા પુત્ર ઝાકિરમાં પિતા જેવી જ સંગીતની અને કલાની સમજ ઉતરી.તેઓ એક ઉત્તમ સ્વરકાર અને સંગીતકાર છે પણ નાઝિર જેવી ફકીરી બેફિકરાઈ પણ ખરી . સૌથી નાના પુત્ર નઝીરે પણ સમયાંતરે બેન્ડ-વાજાનો વ્યવસાય કર્યો. અફઝલહુસેનનાં મોટા પુત્ર ફિરદૌસ તબીબી ક્ષેત્રે સર્જન છે અને ગઝલો લખે અને ગાય છે. સમીરા અફઝલ દેખૈયા(પત્રાવાલા) વાર્તાઓ લખે છે.સરફરાઝ ઝાકિર દેખૈયા પણ ગાયનમાં રૂચિ રાખે છે. આ રીતે સંગીત, સાહિત્ય, ગઝલ અને વાર્તા સાથે એમના વંશજો એક યા બીજે રીતે જોડાયેલા રહ્યા છે.

એમની ગઝલો સમયાંતરે મનુભાઈ પટેલ, પ્રાણલાલ વ્યાસ,નારાયણ સ્વામી,રાસબિહારી દેસાઈ, પુરુષોત્તમ ઉપાધ્યાય મનહર ઉધાસ, ઝાકિર દેખૈયા, ફિરદૌસ દેખૈયા ,કલાગુરુ મોહમ્મદ દેખૈયા(ભત્રીજા),સલીમ મોહમ્મદ દેખૈયાનાં કંઠે સ્વરાંકન પામેલી છે.

લાંબા સમયના બ્રોન્કાઈટીસ અને બ્રોન્કોન્યુમોનિયાને લીધે એમના ફેફસા નબળા થઇ ગયેલા. ૧૯૮૮ની સાલ, ૧૬ માર્ચ ના દિવસે પોતાનો અંતિમ સમય જાણે એમને ખબર હોય એ રીતે અઝાનની રાહ જોયેલી! ઈસ્લામિક કેલેન્ડર પ્રમાણે આ દિવસ હતો ૨૬ રજબ. (જે દિવસનું મોત દરેક નેક ઇન્સાન પોતાની દુઆમાં માંગે છે! ) અઝાન સાંભળીને રાહત અનુભવતા નાઝિરના હોઠ કૈક કહેવા મથતાં હતાં. એમને સક્રાતનું પાણી પિવરાવી પુત્ર અફઝલહુસેન એમની નજીક ગયા. રૂંધાતા શ્વાસે એમણે કલમો પડેલો.'લાઈલાહા ઈલ્લલ્લાહ મોહમ્મદુર્રસુલલ્લાહ .'

પણ હજી જીવ શાંત તો નહોતો જ. સુક્કા હોઠો નજીક પુત્ર કાન લઈ ગયાં તો શબ્દોના ગોટા વળ્યાં. 'લે જા રહે હૈ...લે જા રહે હૈ..'દીકરાએ પિતાનો રચેલો શેર પૂરો કર્યો..

"લે જા રહે હૈ દેખો સફીના નિકાલકે,
તુફાં કા હર તરહ સે પસીના નિકાલકે."

બીડાતાં નયનોમાં આ સાંભળી ચમક આવી. અફઝલહુસેનને માથે હાથ મુકી ગઝલનો એ 'મોઘમ ઈશારો' કબરમાં સોડ તાણી પોતાની પાછળ ગઝલનો ચળકતો ઈતિહાસ છોડતો ગયો. આજે પણ એ ચમકારા ક્યારેક મુશાયરાઓમાં, સૂર-સંગીતની મહેફિલોમાં, સંતવાણીમાં, મનહર ઉધાસને કંઠે ગવાયેલ અતિ પ્રખ્યાત ગઝલ 'ગગનવાસી'માં, ક્યારેક ફેસબુક પર તો ક્યારેક વ્હોટ્સએપમાં, અને છાપાં-ગઝલ સામયિકોમાં ચમકયા કરે છે.

---સમાપ્ત---

લેખક: સમીરા દેખૈયા પત્રાવાલા (પૌત્રી), ડો. ફિરદૌસ દેખૈયા(પૌત્ર)
માહિતી: અફઝલહુસેન નૂરમોમ્મદ દેખૈયા, ડો. ફિરદૌસ દેખૈયા, 'તુષાર', 'નાઝિરની ગઝલો', 'સૂનાં સદન'

## 'નાઝિર'ની ગઝલોમાંથી થોડા શેર:

હું હાથને મારા ફેલાવું તો તારી ખુદાઈ દૂર નથી,
હું માંગું ને તું આપી દે એ વાત મને મંજૂર નથી.
❖
જે દિલમાં દયાને સ્થાન નથી ત્યાં વાત ન કર દિલ ખોલીને
એ પાણી વિનાના સાગરની 'નાઝિર'ને કશી ય જરૂર નથી.
❖
ગગનવાસી!ધરા પર બે ઘડી શ્વાસો ભરી તો જો,
જીવનદાતા!જીવન કેરો અનુભવ તું કરી તો જો.
❖
અંત ને આદિ મહીં રહેવાનો કાયમ હું જ છું;
છે છુપાવ્યો ભેદ પરદામાં એ મોઘમ હું જ છું.
મારી હસ્તીનો તમે શું તાગ લેવાના ભલા!
જેને વંદયા'તા ફરીશતાઓએ આદમ હું જ છું.
❖

ખુશી દેજે જમાનાને,મને હરદમ રૂદન દેજે
અવરને આપજે ગુલશન,મને વેરાન વન દેજે .
❖
ખુદાયા! આટલી તુજને વિનંતી છે આ 'નાઝિર'ની;
રહે જેનાથી અણનમ શીશ,મુજને એ નમન દેજે
❖
'નાહક બળી મારે છે પતંગાઓ ', મેં કહ્યું ;
મારા જ શબ્દ હું જ સ્વીકારી શક્યો નહીં .
❖
પથિક! તું ચેતજે ,પથના સહારા પણ દગો દેશે ;
ધરીને રૂપ મંઝિલનું ઉતારા પણ દગો દેશે.
❖
દુ:ખીને તો દિલાસો કો' દુ:ખી જ દઈ શકે ,આધાર આપનાર નિરાધાર હોય છે;
શત્રુ મટીને મિત્ર બને ત્યારે માનવું ,સાકારમાં વસેલ નિરાકાર હોય છે.
❖

છતાંય જીવી રહ્યો છે કમાલ છે 'નાઝિર'!
બધા કહે છે કે જીવનમાં કંઈયે સાર નથી.
❖
આ તો તમારા નામથી 'નાઝિર' તરી ગયો ;
કળીયુગમાં નહિ તો કોઈ દી પથ્થર તરે નહીં .
❖
જુઓ હું માગણી મારા ગજાની લઈને આવ્યો છું ;
તમન્ના તમ ચરણની રજ થવાની લઇને આવ્યો છું .
❖
'નાઝિર'ની જેમ હસ્તી મિટાવી નહીં શકો ,
કરજો નહીં કરાર તમારું ગજું નથી .
❖
ના હું અમસ્તો જળમાં લીટા કરી રહ્યો છું;
રત્નોને શોધવાના રસ્તા કરી રહ્યો છું.
❖
બની તન્મય પ્રતિમા કોતરી,નીરખી જ્યાં શિલ્પીએ ;
તો પોતાને જ એના દમ ભરી જાવાની ઈચ્છા થઇ.
❖

પામ્યા નથી કશું એ કશું ખોઈ ના શકે;
જેઓ હસ્યા નથી એ કદી રોઈ ના શકે,
'નાઝિર'!એ પારકાની પરખ શું કરે ભલા?
પોતાની પીઠ જેઓ કદી જોઈ ના શકે.
❖
હજુ પણ શું કસર બાકી રહી ગઈ જુલ્મ કરવામાં
જનાજા પાસ આવી એ કફન પર મીટ માંડે છે.
❖
એમ ના સમજો કે એ મારાથી જીરવાયું નહીં;
પણ તમારું હેત મારી આંખમાં માયું નહીં.
❖
નમન પર નાઝ કરનારાને 'નાઝિર'!આટલું કહી દે;
ઘણા એવા ય સજદા છે જે સ્વીકાર્યા નથી જાતા.
❖
બેઉ રીતે હું મજા માણી લઉં છું દર્શની ;
રૂબરૂ હોતા નથી ત્યારે ખયાલી જોઉં છું.
❖
તમે ગમગીન થઇ જાશો,ન મારા ગમ સુધી આવો
ભલા થઇ ના તમે આ જીવના જોખમ સુધી આવો.
❖
તમે હો રૂબરૂ તો કેમ મારું શીશ નમે?
નમન સામે મને તમ હાજરી પસંદ નથી.
❖
બધી શક્તિ અને ઓજસ બતાવ્યાં ઓમની અંદર,
ઉગારી ઓમથી ભક્તો વસાવ્યા વ્યોમની અંદર.
મહેશ,બ્રહ્મા અને વિષ્ણુ ,રહીમો,રહેમાનો,
જુદાં નામો થકી પૂજાવ છો હર કોમની અંદર.
❖

કશું કહેવાને આવ્યો છું ,હું કરગરવા નથી આવ્યો,
બીજાની જેમ આ જીવન અનુસરવા નથી આવ્યો
દયાસાગર!હવે મુજને તું મારામાં સમાવી લે,
હું આવ્યો છું અહીંયાં ડૂબવા,તરવા નથી આવ્યો
❖

જ્યારે કે ચાહનારા જુલ્મો કરી જવાના
ત્યારે આ જિંદગીના દિવસો ફરી જવાના.
❖
બહુ થઇ જાય તો થોડું લડી લેજો,રડી લેજો;
મળી લેજો ગળે પણ જિંદગીનાં વેર કરશો મા.
❖
એમને જોયા પછીની આ દશા કાયમ રહી,
કોઈ પણ વાતાવરણમાં મન પરોવાયું નહીં .
❖
આપી વચન મિલનનું નિભાવી નહીં શકો,
બિંદુમાં આપ સિંધુ સમાવી નહીં શકો.
❖
ડુબાડીને નૌકા અમારી ઓ ધારા!કહો ક્યા જનમનું તમે વેર વાળ્યું?
દઈ સાથ એને ઓ નિર્દય કિનારા!કહો ક્યા જનમનું તમે વેર વાળ્યું?
❖
તમોને પ્રાપ્ત કરવા શું હું મારી પત ગુમાવી દઉં?
નમન વિણ જો મળો મુજને પછી મસ્તક ઝુકાવી દઉં.
❖
દરદ જે હોય છે દિલમાં એ આવી બહાર બોલે છે,
રહે છે મૌન જો આંખો તો અશ્રુધાર બોલે છે.
❖
ફકીરી હાલ જોઇને પરખ કરજો નહીં ‘નાઝિર’!
જે સારા હોય છે એના તો સૌ સંસ્કાર બોલે છે.
❖
એને પડી ન હોય ને જ્યાં ત્યાં ફર્યા કરે
એવું તે કોણ હોય એને કરગર્યા કરે!
❖
આ અમીઝરતી નજર ક્યારેક મારી નાખશે,
એ રસાયણ ક્યાંક રામાયણ બને બનતાં સુધી.
❖
છઈએ હયાત આજ તો લૂંટો બહાર જેમ!
કાલે અમે તો થઇ જશું સૂની બજાર જેમ.
❖


હાર્યા તો દ્રૌપદીની રીતે હોડમાં મુક્યા-
લોકોએ લીધો લાભ અમારો જુગાર જેમ.
❖
‘નાઝિર’ જીવનના છેલ્લા શ્વાસે ધન્ય થઇ ગયો,
આવીને કોણ સ્પર્શ્યું આ પરવરદિગાર જેમ?
❖
પ્યાર બદલે મને પ્યાર આપો,પ્રશ્ન હલ થાયે મુજ બંદગીનો,
ગર ન આપી શકો તો ન આપો,આ તો સોદો છે રાજીખુશીનો.

❖
જીર્ણ કાયા થઇ ગઈ આ 'નાઝિર'!બોજ ઉપડે તો શી રીત ઉપડે?
મોત આવે, ભલે આવવા દો,ભાર ઉતરી જશે જિંદગીનો.
❖
દીપાવો દેહ આ જીવતર ફરી મળે ન મળે!
સમયનો સાથ સમયસર ફરી મળે ન મળે!
❖
માણી રહ્યાં છે આજે ગઝલો થઈને સૌ આનંદવિભોર,
'નાઝિર' કારણ શું બતલાવું,આ તો છે  શબરીનાં બોર.
❖
હું ક્યાંનો છું એ પૂછો મા ને વાતને ઝાઝી તાણો મા,
હું ગભરુ છું ને દુનિયાથી ગભરાઈ ગયેલો માણસ છું.
❖
'નાઝિર'ને કહો કે સંભળાવે ના કોઈ હરખનાં ગીત મને,
હું  હોંશે હોંશે હરખાઇ ગમ ખાઈ ગયેલો માણસ છું.
❖
ખૂબ કડવો જિંદગીનો જામ છે,
ગટગટાવે જાઉં છું,આરામ છે!
❖
એટલે તો તેઓ શંકાશીલ રહે છે સર્વદા-
કે લગન લાગી છે કિન્તુ એટલી લાગી નથી.
❖
ઉપર નહીં કળાય તો ભીતર ભર્યાં હશે,
મીઠા જખમથી કંઈકનાં અંતર ભર્યાં હશે.
❖
'નાઝિર'!પ્રભુને ત્યારે નહીં ગોતવો પડે,
જ્યારે કે માણસાઈથી સૌ ઘર ભર્યાં હશે.
❖


નશીલી આંખનું કારણ મને શું પૂછો છો?
તમોને જોયા પછીની જ આ ખુમારી છે.
❖
માઠું જ લાગવાનું 'નાઝિર'!કહીશ એને,
'થોડાંક શ્યામ છો' એ દર્પણ જો બોલશે તો?
❖
તમે ધારી રહ્યાં છો એ પ્રકારે હું નહીં આવું,
જગતનાં લોક છે,શું નું શું ધારે હું નહીં આવું.
❖
મરજી મુજબનું કામ એ 'નાઝિર' થતું નથી,
થાકી ગયો છું હુંય ખુદાની પનાહથી.
❖
બસ હાથવેંતમાં જ હતો એમનો નકાબ,
અંતર પરંતુ એટલું કાપી શક્યા નહીં.
❖
આવી ગયાં,આવ્યાં અને કાં આવતાં હશે,
કંઈ આવી આવી થાય છે ભ્રમણા તમામ રાત.
❖
ન હો માનવમાં માનવતા,વતન મારે નથી જોતું,
જતન ના હો સુમનમાં એ ચમન મારે નથી જોતું,
❖

આ તબક્કો કયો હશે 'નાઝિર'!ખબર પડતી નથી,
જ્યાં કરું શરૂઆત ત્યાં રજૂઆત ભૂલી જાઉં છું.
❖
ઉઘાડાં છે હજુ લોચન,હજુ તો રાત બાકી છે,
ન પોઢી જા હે મારા મન!હજુ તો રાત બાકી છે.
❖
આટલુંયે કેમ સમજાતું નથી?
કે અમીરસ કોઈ પણ પાતું નથી.
તોય ઊભો છે મુરખ આશા ધરી,
સ્વાર્થ વિણ કોઈ ઝેર પણ પાતું નથી.
❖

પુષ્પ પરખાયે પરિમલથી જ 'નાઝિર' એ રીતે,
ભવ્ય ભારતનું અનુસંધાન આ સૌરાષ્ટ્ર છે.
❖
જિંદગાની તો પ્રભુની દેન છે,એને રગદોળી દીધી બેફામ થઇ,
કાર્ય આવું આપને શોભે નહીં,રામ રાવણનાં રમાડ્યાં રામ થઇ.
❖
જોજો ,ગુમાવશો ના એતબાર માનવીનો,
એળે ન જાય જોજો અવતાર માનવીનો.
❖
હું તો ગળે લગાડું નહીં કોઈ દી બલા,
દિલને વ્યસન જો થાય વ્યથાનું તો શું કરું?
❖
મારે ઠરીને ઠામ ક્યાં થાવું હતું કદી?
ઈજન મળે જો તારી સભાનું તો શું કરું?
❖
અમે નમીએ છીએ તમને તો વંદે છે જગત અમને
તમારું આમ ચાલે છે, અમારું આમ ચાલે છે.
❖
તમોને તજું કે તજું માણસાઈ?
વિચારું કે મારો ધરમ કઇ તરફ છે?
❖
દિલરૂબા હોંશિયાર હોવી જોઈએ
આંખમાં તલવાર હોવી જોઈએ.
એક ઘાએ કોઈ ના થાયે ખતમ,
બેઉ બાજુ ધાર હોવી જોઈએ.
❖
અગમની વાત કરશો મા,નિગમની વાત કરશો મા!
ગતાગમ હોય ના એને મરમની વાત કરશો મા!
નમનથી જેને મતલબ એને શું મૂરત કે સૂરતથી,
કવિ પાસે કદી 'નાઝિર'!ધરમની વાત કરશો મા!
❖
મને 'પાપી' કહીને એણે સંબોધ્યો નથી કિન્તુ,
કર્યો સંકેત મુજને કે,'પ્રથમ તું પા,પછી તું પી'.



એક દુર્લભ ચિત્ર...પૂ. બજરંગદાસ બાપાની નિશ્રામાં કલેરીયોનેટ વગાડતા નાઝિર



નાઝિરનું તૈલચિત્ર –ડૉ.ફિરદૌસ દેખૈયા દ્વારા રચિત



મુશાયરામાં બરબાદ જુનાગઢી અને શૂન્ય પાલનપુરી સાથે (સૌજન્ય-મુસાફિર પાલનપુરી)


મુસાફિર પાલનપુરી અને બરકત વિરાણી 'બેફામ' સાથે (સૌજન્ય-મુસાફિર પાલનપુરી)

# ઊર્મિની ઓળખ

**નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય**

[૩૯] — કરાવનાર · **જલન માતરી**



**નાઝિર દેખૈયા**

મજનૂને કોઈએ કહ્યું: 'તારી લયલા હમણાં જ જંગલ તરફ ગઈ'. સાંભળીને બહાવરો શો મજનૂ દોડયો જંગલ તરફ; એવો મગ્ન થઈને કે આજુબાજુનું પણ એને ભાન ન હતું; પરિણામે ત્યાં નમાઝ પઢી રહેલા મૌલવી સાહેબના મુસલ્લા ઉપરથી તે પસાર થઈ ગયો. ઈસ્લામી માન્યતા મુજબ નમાઝ પઢનારની આગળથી પસાર ન થવાય, કારણ નમાજ તૂટી જાય. મૌલવી સાહેબની નમાઝ તૂટી એટલે ગુસ્સાથી રાતાપીળા થઈ મજનૂની રાહ જોતા બેઠા. મજનૂની તો કરનારે માત્ર મજાક કરી હતી. એટલે તે હતાશ થઈને પાછો ફર્યો. જેવો એ આવ્યો કે તરત જ મૌલવી સાહેબ એનો હાથ પકડી લઈ ગુસ્સામાં કહેવા લાગ્યા: 'નાપાક! મારી નમાઝમાં વિઘ્ન નાખીને મારા મુસલ્લા ઉપરથી પસાર થતાં તને શરમ ન આવી?' મજનૂએ આશ્ચર્યચકિત થઈને સવાલ કર્યો: 'આપ અલ્લાહની ખરેખર ઈબાદત કરતા હતા?' મૌલવીસાહેબે હા કહી. મજનૂએ ફરી કહ્યું: 'એક સ્ત્રી પાછળ પાગલ બનીને મેં આપને જોયા નહિ, અને અલ્લાહની ઈબાદત કરતાં કરતાં આપે મને જોઈ લીધો?' મતલબ સ્પષ્ટ છે: પારંગત થવું હોય તો મીન થઈને ડૂબો.

વાત કરવી છે ભાવનગરના ખ્યાતનામ શાયર શ્રી નાઝિર દેખૈયાની, અને વાત કરી બેઠો મજનૂની. એટલા માટે કે ભાઈ નાઝિરની ગઝલ પાછળની દીવાનગી પણ એવી જ છે.

કાઠિયાવાડની ધરતી ઉપર વસતા ગઝલરસિકોનાં હૈયાં ઉપર નાઝિરનું નામ કંડારાઈ ગયું છે અને નાઝિરબાપા તરીકે આદર પામ્યું છે. એમની ગઝલોથી આકર્ષાએલા એ બાજુના મસ્ત ગાયક મનુભાઈ પટેલના સૂરીલા કંઠે તે ગવાતાં એ પ્રદેશમાં ઘેરઘેર એ નામ જાણીતું થયું છે.

ભાવનગરમાં જિલ્લા લોકલબોર્ડમાં સેવા આપી રહેલા ભાઈ નાઝિર દેખૈયાનું મૂળ નામ નૂરમહંમદ. જન્મ તા. ૧૩-૨-૧૯૨૧. નાનપણથી જ માતાપિતાની છત્રછાયા ગુમાવી બેઠા છે. ભાઈ નાઝિરને ઈશ્વરે મીઠો સ્વર બક્ષ્યો છે. સુંદર ગઝલો લખનારા આ શાયર બૅન્ડમાં વાગતા ક્લેરીઓનેટ નામક વાદ્યના પણ કસબી છે.

રત્નોને શોધવા રસ્તા બનાવવા જળમાં લીટા કરી રહેલા આ શાયરના શે'રો માણીએ:

જમાનાનાં બધાં પુણ્યો જમાનાને મુબારક હો;
હું પરખું પાપને મારાં, મને એવાં નયન દેજે.
હું મુક્તિ કેરો ચાહક છું, મને બંધન નથી ગમતાં;
કમળ બીડાય તે પે'લાં ભ્રમરને ઉડ્ડયન દેજે.

એ અધવચથી જ મારાં દ્વાર પર પાછા ફરી આવે;
જો એવું માર્ગમાં કંઈ અપશુકન થઈ જાય તો સારું.

જિગરને જાગવું છે, આંખને મીંચાઈ જાવું છે;
ભ્રમરને ખેલવું છે પુષ્પને બીડાઈ જાવું છે.
ભલા શું હાથતાળીમાં જ આ પૂરું થશે જીવન?
અમારે શોધવાં છે, આપને સંતાઈ જાવું છે.

સુણે ના સાદ મારો તો મને શું કામ ઈશ્વરથી?
છિપાવે ના તૃષા તો આશ શી રાખું સમંદરથી?
લખ્યા છે લેખ, એની આબરૂનો ખ્યાલ રોકે છે;
નહીંતર હું સલો હમણાં કરી નાખું મુકદ્દરથી.

કોઈ સમજાવો દીપકને કે એની જાતને પરખે,
ઊછીનું તેજ લેનારા શું લડવાના પ્રભાકરથી?

ના હોત તુજ કદર કૈં, ના હોત એ કદી જો;
હે પૂર્ણિમા! છે તારું સાચું અમાસ જીવન.

નકામા ના કદી અજ્ઞાનીને સમજો અરે જ્ઞાની!
કીમત કંચન તણી પથ્થર થકી અંકાઈ જાયે છે.

પથિક! તું ચેતજે પથના સહારા પણ દગો દેશે.
ધરીને રૂપ મંઝિલનું ઉતારા પણ દગો દેશે.
હું મારે હાથથી નૌકા ડુબાડી દેત મઝધારે;
ખબર જો હોત મુજને કે કિનારા પણ દગો દેશે.

દુ:ખીને તો દિલાસો કો' દુ:ખી જ દઈ શકે;
આધાર આપનાર નિરાધાર હોય છે;

એ રીતે હું રહું છું, સદા એના સંગમાં,
રસ્તો રહે છે જેમ જનારાની સાથમાં.

ના હું અમસ્તો જળમાં લીટા કરી રહ્યો છું;
રત્નોને શોધવાના રસ્તા કરી રહ્યો છું;
વર્ણન નથી હું કરતો આદમના અવગુણોનું,
મારી જ જીભે મારી નિંદા કરી રહ્યો છું.

નાઝિર! એ પારકાની પરખ શું કરે ભલા?
પોતાની પીઠ જેઓ કદી જોઈ ના શકે.

ખૂબ કીધી'તી તમે એના જીવનની છેડછાડ;
લાશને ઢાંકો, હવે છોડો કફનની છેડછાડ.
છે નજીવું કિન્તુ આકાંક્ષા તો 'નાઝિર' જોઈ લે;
આજ રજકણ જાય છે કરવા ગગનની છેડછાડ!

હું હાથને મારા ફેલાવું તો તારી ખુદાઈ દૂર નથી;
હું માગું ને તું આપી દે એ વાત મને મંજૂર નથી.

ગગનવાસી! ધરા પર બે ઘડી શ્વાસો ભરી તો જો;
જીવનદાતા! જીવન કેરો અનુભવ તું કરી તો જો;
સદાયે શેષશય્યા પર શયન કરનાર ઓ ભગવન!
ફક્ત એક વાર કાંટાની પથારી પાથરી તો જો.
જીવન જેવું જીવન તુજ હાથમાં સુપરત કરી દેશું;
અમારી જેમ અમને એક પળ તું કરગરી તો જો!

કશું કહેવાને આવ્યો છું, હું કરગરવા નથી આવ્યો,
બીજાની જેમ આ જીવન અનુસરવા નથી આવ્યો.
દયાસાગર! હવે મુજને તું તારામાં સમાવી લે,
હું આવ્યો છું અહીંયા ડૂબવા, તરવા નથી આવ્યો.


જિંદગીની એક પળ વીતી ગઈ તો શું થયું;
જિંદગાની જો હશે તો પળ હજારો આવશે.
તું બની જા સંત 'નાઝિર' કે રહે સંસારમાં;
જેવી તુજ દૃષ્ટિ હશે એવા વિચારો આવશે.

વરસાવી દો નયનનું બધું ઝેર મુજ પરે,
થોડું રહી જશે તો પચાવી નહીં શકો.
'નાઝિર', અમારી પ્રીતના નિંદકને જઈ કહો,
પાણીમાં કો'દી આગ લગાવી નહીં શકો.

રટના એ ઝુલ્મી કેરી હરદમ મને ગમે છે;
જીવલેણ છે છતાં યે એ યમ મને ગમે છે.
છેડું છું વાત એથી તુજ પાસ મુજ મરણની;
તારી જ આંખે મારું માતમ મને ગમે છે.
રાવણ બનીને 'નાઝિર' લડવું છે રામ સાથે,
કારણ એ જિંદગીનું જોખમ મને ગમે છે.

---

ખંડમાં વહેંચાએલો છે. પ્રથમ ખંડમાં કવિના જીવનના ચિતાર આપતા ૧૨ લેખો છે, બીજામાં કવિના કાવ્યસંગ્રહોનાં નિવેદન-પ્રવેશકો છે જે એ પાંચે ય સંગ્રહને માણવા-નાણવાની અહીં એકસાથે ભૂમિકા રચી આપે છે, ત્રીજા ખંડમાં ખબરદારના કાવ્યગ્રંથોની સમીક્ષા કરતા ચાર લેખો છે અને ચોથા ખંડમાં કવિના સંગ્રહ 'રાસતરંગિણી' પર વિવિધ વિવેચકો-અભ્યાસીઓના ૮ લેખો મૂકયા છે, તો પાંચમા ખંડમાં એમની કવિતા પરના ૨૪ લેખો છે. આ ખંડો કવિની કાવ્યપ્રતિભાને જુદી જુદી રીતે મૂલવી એમનું સુયોગ્ય મૂલ્યાંકન કરી બતાવે છે. કાવ્યરસિકો અને અભ્યાસીઓને ત્રણેય ખંડના ૩૬ લેખોમાં જરૂર વધુ રસ પડશે. છઠ્ઠા ખંડમાં કવિની કેટલીક કૃતિઓનો આસ્વાદ કરાવતા ૯ લેખો છે તે પણ સરસ છે. સાતમા પૂર્તિવિભાગમાં કવિનું વંશવૃક્ષ અને એમના કાવ્યગ્રંથોનો પ્રકાશન-સમય આપી ઐતિહાસિક સામગ્રી



'નાઝિર' ના હસ્તાક્ષર



ઉસ્તાદ–શાગિર્દ

કિસ્મત કુરેશી * નાઝિર દેખૈયા

નાઝિરના સન્માન પ્રસંગે

[ ટાઉનહૉલ : ભાવનગર તા. ૯–૧૨–૭૩ ]



**કવિશ્રી નાઝિર દેખૈયા**

અલવિદા કોકિલ, અરે ગુર્જર ગઝલ–ઉપવન તણા,
તારી ગઝલોએ જીતી લીધાં છે અંતર જન તણાં,
છે અમર, ગાયક ને કીર્તનકાર–કંઠે તુજ ગઝલ.
સર કર્યાં નાઝિર, તેં આસન માનવીનાં મન તણાં.

તેં ચમન માગ્યું ન નાઝિર, માગ્યું તેં વેરાન વન;
તંગદસ્તીમાં હતું ગૌરવભર્યું તારું જીવન,
તું કવિ, દર્દીલો ગાયક, તું કુશળ સંગીતકાર.
તારી યાદે તર હવે નાઝિર, આ કિસ્મતનાં નયન.

મીઠડા બોલે ભરે છે કાન નાઝિરની ગઝલ,
ગાયકોને કંઠે લે છે સ્થાન નાઝિરની ગઝલ;
છે દિલાસો દિલનો કિસ્મત, આત્મની આરાધના,
પ્રેરે છે ભગવાનનાં ગુણગાન નાઝિરની ગઝલ.

— કિસ્મત કુરેશી